બરછી કાર્યાલય C/o.ફાઈન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧.

Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

જૂન-૨૦૨૨
વર્ષ : જાન્યુઆરીથી ડિસેમ્બર
વર્ષ : ૫૮
વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫



## ગઝલ

આવ્યું'ને એ જ ક્ષણે ફર્યુ પાછું,
સ્વપ્ન દઈ એક જાણ ફર્યુ પાછું.
વીંધ્યું ના કોઈએ કદી એને
મનનું વ્યાકુળ હરણ ફર્યુ પાછું.
સૂર્ય અંધારમાં ડૂબ્યો નક્કી,
સીમ છોડીને ધણ ફર્યુ પાછું.
આભને તાગવા તજ્યો માળો,
ચાંચમાં લઈને કણ ફર્યુ પાછું.
વૃક્ષ બત્રીસ કોઠે લીલુંછમ
એક સુક્કું પરણ ફર્યુ પાછું.
યાદ આવી ફરી લો કોઈની,
ભીનું વાતાવરણ ફર્યુ પાછું.

— આશ્લેષ ત્રિવેદી,અમદાવાદ.
મો. ૭૪૩૬૦૦૬૭૩૬

## પ્રથમ ઓઝાએ વર્જિનિયા ટેક.(યુએસ.)થી ડોક્ટરેટ ડીગ્રી મેળવી




રાજકોટના અમદાવાદ સ્થિત શ્રીમતી કલ્પના અને શ્રી રાજનરામ ઓઝાના પુત્ર પ્રથમને તેમની thesis" Predictable Connected Traffic Infrastructure" અને અન્ય શોધપત્રો માટે U.S. ની Virginia Polytechnic Institute & State University (Virginia Tech.-Dept. of Electronics and Computer Engineering) દ્વારા પી.એચડી.ની પદવી આપવામાં આવી છે.જે તેમને તા. ૧૫/૬/૨૨ના રોજ વોશીંગ્ટન ડીસી. ખાતે યોજાયેલા પદવીદાન સમારોહમાં એનાયત કરવામાં આવી. ભાઈ પ્રથમે વર્ષ ૨૦૧૯માં આજ યુનિવર્સિટીમાંથી M.S.(CE) ની ડિગ્રી મેળવી છે.

ચિ. પ્રથમ રાજકોટના સ્વ.હનુમંતરામ ઓઝા અને સ્વ.નયેન્દ્રબાળાબેન(બુધાબેન)ઓઝાના પૌત્ર તથા રાજકોટના સ્વ.શશીકાંતભાઈ અને ગુણિયલબાળાબેન ધોળકિયાના દોહિત્ર થાય.

## વિશાલ ઓઝાએ ન્યુયોર્ક યુનિવર્સિટી (યુએસ.)થી એમ.એસ.ની ડીગ્રી મેળવી



રાજકોટના હાલ મસ્કત(ઓમાન)સ્થિત શ્રી મિહિરરામ ઓઝા અને શ્રીમતી કિન્નરી ઓઝાના પુત્ર વિશાલ ઓઝાને યુ.એસ.ની ન્યુયોર્ક યુનિવર્સિટી દ્વારા એમ.એસ.(રોબોટિક્સ)ની ડિગ્રી આપવામાં આવી છે. વિશાલે વર્ષ ૨૦૨૦માં એન્જિનિયરીગ B.Tech. (Mechatronics Engineering) ની પદવી ચેન્નાઈની S.R.M. Institute of Science & Technology માંથી મેળવી હતી

ચિ.વિશાલ રાજકોટના શ્રી કૌશિકરામ હનુમંતરામ ઓઝા તથા શ્રીમતી માયાબેન ના પૌત્ર અને જૂનાગઢના સ્વ.નાગેશભાઈ તથા શ્રીમતી જયશ્રીબેન અવાશિયાના દોહિત્ર થાય.

ઓઝા–ધોળકિયા–અવાશિયા પરિવારો સાથે જ્ઞાતિને ગૌરવ બક્ષનાર યુવા ઇજનેરોને અભિનંદન સહ ઉજ્જવળ કારકિર્દીની શુભકામનાઓ.


## ડો.ધૈરવ વસાવડાએ એમ.એસ.ની પદવી મેળવી



ડો.ધૈરવ વસાવડાએ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૨૧–૨૨માં લેવાયેલ માસ્ટર્સ ઓફ સર્જરીની પરીક્ષામાં સર્જરી વિભાગમાં યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમાંક સાથે સફળતા મેળવી પરિવાર તથા જ્ઞાતિને ગૌરવાન્વિત કરી.

ડો.ધૈરવ વડોદરા સ્થિત શ્રી ગૌરાંગભાઈ અને શ્રીમતી નંદિનીબેનના પુત્ર તે સ્વ. ભાસ્કરરાય અને સ્વ.હેમલતાબેનના પૌત્ર અને સ્વ.અરવિંદભાઈ અને સ્વ.કાંતાબેન અંજારિયાના દોહિત્ર થાય.અભિનંદન–શુભેચ્છાઓ.

## ચિ. ખ્વાબ અંતાણીએ સ્કેટીંગમાં રાજ્યકક્ષાએ વિજેતા



રાજકોટના શ્વેતા તથા રચિત કિરીટભાઈ અંતાણીના પુત્ર ચિ.ખ્વાબ અંતાણી, તાજેતરમાં યોજાય ગયેલ ગુજરાત રાજ્ય ખેલ મહાકુંભમાં રાજ્ય કક્ષાની સ્પીડ સ્કેટીંગ ટુર્નામેન્ટમાં અંડર–૧૪ વય જૂથમાં એક હજાર મીટર રીક રેસમાં ગોલ્ડ તેમજ બે હજાર મીટર રેસમાં સિલ્વર મેડલ મેળવી રાજ્યકક્ષાએ વિજેતા થયા છે.ગત મે માસમાં યોજાયેલ ખેલ મહાકુંભમાં બે ગોલ્ડ મેડલ જીત્યા બાદ રાજ્યકક્ષાની આ ટુર્નામેન્ટ માટે પસંદગી પામ્યા હતા.ચિ. ખ્વાબ માત્ર અઢી વર્ષની વયથી સ્કેટીંગ કરી રહયા છે. સતત મહેનત સાથે વિવિધ વ્યકિતઓ અને એકેડેમીમાં તાલીમ મેળવી સ્કેટીંગ ડાન્સ,યોગા, આર્ટિસ્ટીક તેમજ સ્પીડ સ્કેટીંગની અનેક નેશનલ તેમજ ઈન્ટરનેશનલ ઈવેન્ટસમાં ભાગ લઈ વિજેતાપદ હાંસલ કરેલ છે.

## સફળ બાળ નૃત્ય કલાકાર ચિ. તેજશ્રી બુચ



આંતરરાષ્ટ્રીય સંસ્થા યુનેસ્કોની ઓફીશીયલ પાર્ટનર અખિલ ભારતીય સંસ્કૃતિક સંઘ પુના દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પુના ખાતે તારીખ ૨૫ થી ૨૯ મેના દરમ્યાન રાષ્ટ્રીય કક્ષાના કલા મહોત્સવનું આયોજન થઈ ગયું.જેમાં કથ્થક ક્લાસીકલ ડાન્સની કેટેગરીમાં ચિ.તેજશ્રી બુચ (વડોદરા સ્થિત શ્રી દિપન તથા શ્રીમતી ઝંખના બુચનાં પુત્રી) ના ગ્રુપે દ્વિતીય સ્થાન મેળવતાં પ્રમાણપત્ર તથા ટ્રોફી મેળવ્યાં.વધુમાં આગામી ઓગષ્ટ માસમાં દુબઈ ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય કક્ષાના મહોત્સવમાં ભાગ લેવા આમંત્રિત થયેલ છે.

ચિ. તેજશ્રી, સ્વ.લક્ષ્મીકાંતભાઈ તથા સ્વ.દેવ્યાનીબેન બુચનાં પૌત્રી તથા સ્વ.ગીતાબેન દીપક ભાઈ હાથીનાં દોહિત્રી થાય છે. અભિનંદન સહ શુભેચ્છાઓ.

## શ્રી દીપક બુચ અને શ્રીમતી મંજરી બુચને રોટરી ક્લબ દ્વારા એવોર્ડ એનાયત




તાજેતરમાં જ અમદાવાદ સ્થિત શ્રી દીપકભાઈ તથા મંજરીબેન બુચને રોટરી ક્લબ કાંકરીયા દ્વારા તેમની 'દાદા–દાદીની વિદ્યાપરબ'દ્વારા સૌ માટે પ્રેરક નિઃસ્વાર્થ સમાજસેવા બદલ 'બેસ્ટ કોમ્યુનિટી સર્વિસ એવોર્ડ'થી સન્માનવામાં આવ્યા..

શ્રી દીપકભાઈ બુચ GSFCમાંથી ઉચ્ચ હોદ્દા પરથી નિવૃત્ત થઈ અમદાવાદ સ્થાયી થયા.સમાજસેવા સાથે નિવૃત્તજીવનમાં પ્રવૃત્ત રહેવાના ઉદ્દેશથી આશરે બે દાયકાથી અમદાવાદ ખાતે આ બુચ દંપતીએ નિઃશુલ્ક 'દાદા–દાદીની વિદ્યાપરબ' શરૂ કર્યું. જેમાં તેઓ ગરીબ માતા–પિતાના સંતાનોને શિક્ષણ સાથે સંસ્કારસિંચન કરી વિદ્યાદાન કરી રહયાં છે. અસંખ્ય વિદ્યાર્થીઓ આ બુચ દાદા–દાદી પાસે શિક્ષિત થયા.આજે તો ઘણા વિદ્યાર્થીઓ સારી નોકરી– વ્યવસાયમાં ગોઠવાઇ પણ ગયા છે. બુચ દંપતીનો મુખ્ય હેતુ એ હતો કે બાળકો ભણીગણીને પગભર થઈ કુટુંબને આર્થિક ટેકારૂપ બને અને દાતાઓ પાસેથી મળેલી રકમ તેમના જીવનકાળ દરમ્યાન ગરીબ બાળકોના શિક્ષણ પાછળ વાપરે.. વિદ્યાર્થીઓ દ્વારા આ વચનનો અમલ પણ થઈ રહયો છે.અત્રે બીજી નોંધ લેવી ઘટે કે દીપકભાઈ હળવી શૈલીની ટૂંકી વાતો,લેખ તેમજ અંતઃસ્ફૂરિત કાવ્ય લેખનમાં પણ સારો કસબ ધરાવે છે.અમે બરછીમાં પ્રકાશિત કરી વાંચકોને લાભ આપ્યો છે. બુચ દંપતીના સ્તુત્ય નિષ્કામ સેવાકાર્યને વધાવીએ ને સન્માન બદલ અભિનંદન પાઠવીએ.

# બેંક એફ.ડી. કરતાં ડબલ વળતરની સલામત બીઝનેસ ઓફર...

સલામત કોર્પોરેટ જોબ છોડીને વેપાર ધંધારૂપી જોખમી મહાસાગરમાં ડૂબકી મારી ૨૦ વર્ષથી મરજીવા બનીને તરનાર ભૈરવ વસાવડા પોતાની કુનેહ અને બહોળા અનુભવ થકી જ્ઞાતિના ઘર ઘરમાં વેપારની જ્યોત પ્રગટાવવા ઈચ્છે છે. આ શુભ ઈરાદાના અમલીકરણ હેતુ બાબા ટ્રાવેલ્સ પ્રસ્તુત કરે છે... વિશ્વાસપાત્રતા અને પારદર્શી વહીવટ સાથે નિશ્ચિત આકર્ષક વળતર આપતી ફાયદાકારક નવતર યોજના.

હાટકેશજન ડિઝાયર, અરટીગા, ઈનોવા કે ટેમ્પો ટ્રાવેલર પોતાની મૂડીથી સ્વતંત્રપણે ખરીદી શકે તે ગાડી એમના જ નામે એમની જ માલિકી અને એમના જ ડ્રાયવર સહિત સાંજ પડે ટ્રીપ પૂરી થાય એટલે એમના જ કબજામાં રહેશે. કસ્ટમરનો બિઝનેસ લાવવાની જવાબદારી બાબા ટ્રાવેલ્સની. ઈન્વેસ્ટરને ગાડીના રોકાણના વળતર પેટે ત્રણ વિકલ્પની પસંદગી મળશે

(૧) વાહનની મૂડી રોકાણ ઉપર વાર્ષિક ૧૩% ગેરન્ટેડ રીટર્ન. નફો કે નુકસાન અમારા.

(૨) જો ઈન્વેસ્ટર ઈચ્છે તો ફિક્સ ૧૩%ની બદલે સંપૂર્ણ નફા નુકસાનની જવાબદારી પોતાની ઉપર લઈ શકે છે. ગાડીભાડાની જે પણ આવક થાય તેના ૮૫% ગાડી માલિકને મળે અને ૧૫% વર્કીંગ પાર્ટનર તરીકે બાબા ટ્રાવેલ્સને મળે. સાનુકુળ સંજોગોમાં મૂડી રોકાણ ઉપર વાર્ષિક ૧૨%થી ૨૦% સુધીનું વળતર મળી શકે એવો અમારો બે દાયકાનો અનુભવ છે.

(૩) ગાડીનું મૂડી રોકાણ તમારૂં બિઝનેસ મેનેજમેન્ટ અમારૂં. નફો–નુકસાન બંને ૫૦–૫૦

જો તમે શરૂઆતના તબક્કે મોટું રોકાણ કરતાં અચકાતા હો તો ફક્ત રૂા. ૮૫૦૦નું રોકાણ કરીને ૧%ના કે ઈચ્છાનુસાર ૫–૧૦–૨૦ કે ૩૦ ટકાના પણ ભાગીદાર બની શકો છો. એવા કિસ્સામાં સરખે હિસ્સે નફા નુકસાનમાં ભાગીદારી મળશે.

પારદર્શી વહીવટ : જેટલા ઈન્વેસ્ટર આ યોજનામાં જોડાયા હશે તેનું ગાડી દીઠ વ્હોટ્એપ ગ્રુપ બનશે. જેના દ્વારા કારની ખરીદીથી માંડી, વિમો, લોનના હપ્તા, અન્ય નિભાવ ખર્ચ, દરરોજ કેટલા કિ.મી. ગાડી ચાલી વગેરે તમામ અપડેટસ રોજેરોજ આપવામાં આવશે.

આ યોજના(કન્સેપ્ટ) નો હેતુ અજ્ઞાત ભય કે નિરર્થક શંકા કુશંકાગ્રસ્ત થઈને સાહસ કે જોખમ થી અચકાતા સ્નેહીજનોને વેપાર જગતને નજીકથી જોવા જાણવાની તક આપવાનો છે.

સંપર્ક : સતિષ મહેતા : ૯૮૭૯૩ ૩૩૫૧૩

## બાબા પરિવારમાં ભાગીદાર તરીકે જોડાયેલા જ્ઞાતિબંધુઓને આવકારીએ છીએ..

| ક્રમ | નામ | વ્યવસાય | રોકાણ કરેલ રકમ |
|---|---|---|---|
| (૧) | ડો.હેમાંગભાઈ વસાવડા– | નામાંકિત ડોક્ટર–રાજકોટ | undisclosed |
| (૨) | સતિષભાઈ મહેતા– | વીડિયોગ્રાફર–રાજકોટ | રૂા.૧,૭૦,૦૦૦ |
| (૩) | હર્ષાબેન કાંતિલાલ વસાવડા (મનદીપ વસાવડા) | નિવૃત્ત કર્મચારી SBI સિનિયર સીટીઝન–રાજકોટ | રૂા.૨,૨૫,૦૦૦ |
| (૪) | અંકુર વિરેનભાઈ ધોળકિયા | ITબીઝનેસ–વેબડેલોપર–રાજકોટ | undisclosed |
| (૫) | જલદીપ રાજેશભાઈ વસાવડા– | સોફ્ટવેર ડેવલોપર, માઈક્રોસોફ્ટ કંપની–હૈદ્રાબાદ | રૂા.૧,૨૦,૦૦૦ |
| (૬) | વૈષ્ણવીબેન બ્રહ્મચારી | સિનિયર સીટીઝન– અમદાવાદ | રૂા.૪૮,૦૦૦ |
| (૭) | અલકાબેન ઉમેશભાઈ વસાવડા– | નિવૃત્ત શિક્ષક– સિનિયર સીટીઝન– અમદાવાદ | undisclosed |

➔ પારદર્શકતા એ કોઈપણ ભાગીદારીનો પ્રાણ છે..બાબા ટ્રાવેલ્સમાં નાના કે મોટા પાયે ભાગીદાર તરીકે જોડાનાર તમામ ભાગીદારો સાથે આજ સુધી વેપાર જગતમાં ક્યારેય ન જોઈ હોય તેટલી પારદર્શકતા રાખવામાં આવશે.

➔ બાબા ટ્રાવેલ્સમાં રોકાણ કરનાર કોઈપણ જ્ઞાતિજનને જો કોઈ અસંતોષ કે ફરિયાદ ઉભા થાય તો તેઓ બાબા ટ્રાવેલ્સના ખર્ચે પોતાની ફરિયાદ કલમ કડછી બરછી માં પ્રકાશિત કરાવી શકશે.

➔ જેમ ટીમના સભ્યો વધતા જશે તેમ તે સભ્યોના જ્ઞાન અનુભવ અને સલાહ સૂચનને આધારે બીઝનેસ મોડેલ તેમજ કાર્યપધ્ધતિ સતત અપડેટ કરતા રહીશું.

➔ દરેક શહેરમાંથી દરેક કુટુંબ ભલે ખૂબ નાના પાયે પણ અમારી સાથે જોડાય અને આ આગવી રીતે જ્ઞાતિની એકતા સર્જાય એ માટે આપ પણ જરૂરથી જોડાશો તેવી પ્રાર્થના છે....

સંપર્ક : ૯૯૨૫૨ ૯૯૨૫૨




શું તમે ઉજ્જવળ ભવિષ્ય માટે મૂડી રોકાણ કરવાનું કે સલામતી માટે વિમો લેવાનું વિચારી રહયા છો? મ્યુચ્યલ ફંડમાં ફક્ત રૂપિયા ૫૦૦/–ના રોકાણથી સંપત્તિ સર્જન કરવા ઈચ્છો છો ?

તો/તેમજ..

ટેક્ષ સેવિંગ્સ– રીટાયરમેન્ટ પ્લાનિંગ–લાઈફ ઈન્સ્યોરન્સ–હેલ્થ ઈન ઈન્સ્યોરન્સ–

કાર અને ટુ વ્હીલર ઈન્સ્યોરન્સ લેવા અંગે વિચારતા હો તો અમારો સંપર્ક કરો :

**AMIF અને IRDA સર્ટિફાઇડ ફાઇનાન્સિયલ પ્લાનર–**

**પૂજા બુચ – વલય બુચ...9824004275/9824359475**

## –::–::– સમાચાર સંચય –::–::–

☆ વડોદરા : અત્રેના જીત નિમિષ ધોળકિયા વિજ્ઞાન પ્રવાહમાં ૯૯.૫ પીઆર મેળવી ઉત્તીર્ણ થયા. ગુજ.બોર્ડમાં કુલ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓમાંના ૧% તેજસ્વી વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રવાહમાં ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તી આપવામાં આવે છે.જેમાં ચિ.જીત ધોળકિયાનો પણ સમાવેશ છે.અભિનંદન.

☆ જામનગર : અત્રેનાં સૌ.વિશ્રુત સંજય પંડયાનાં પુત્રી ચિ.ચાહત તાજેતરમાં યોજાયેલ ખેલ મહાકુંભ અંતર્ગત કરાટે કોમ્પિટીશનમાં ૧૪ વર્ષથી નીચેના ગ્રુપમાં રાજ્ય કક્ષાએ વિજેતા બની સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો. ચિ. ચાહત વાલમ–વિસનગર–સ્થિત સ્વ.નિર્મળાબેન ભુપેન્દ્રભાઈ પંડયાનાં પૌત્રી તથા રાજકોટના સ્વ.સુરેખાબેન નિરંજનભાઈ રીડાણીનાં દોહિત્રી થાય.

☆ શ્રી ના.મેડીકલ એઇડ ટ્રસ્ટ તથા જા.વ.નાગર મંડળના સંયુકત ઉપક્રમે તા.૧૯/૬ના રોજ વ્હોકાર્ટ હોસ્પિટલના ઉપક્રમે અત્રેના હાટકેશ હોલમાં યોજાયેલ હૃદય રોગ નિદાન કેમ્પનો ૩૨ જ્ઞાતિજનોએ લાભ લીધો.તપાસ નિદાનમાં ડો.વર્ષિત હાથીએ નિષ્ણાત તબીબ તરીકે તેમની સેવાઓ આપી હતી.

☆ રાજકોટ : ડો.વર્ષિત દિનેશભાઈ હાથી (ડી.એમ.કાર્ડિયોલોજીસ્ટ) અત્રેની વોકહાર્ટ હોસ્પિટલમાં જોડાયા.

☆ અત્રે 'મારવાડી ફાઈનાન્સ કંપની'માં કાર્યરત પલ્લવ માંકડને તેમની કાર્યનિષ્ઠા અને ખંત સાથેના શ્રેષ્ઠ કાર્ય બદલ કંપની તરફથી ઓકટો.૨૧–ડીસે.૨૧ દરમ્યાનના 'એમ્પ્લોઈ ઓફ ધ ક્વાર્ટરના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

☆ અત્રે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત યુપીએસસી./જીપીએસસી.નું નિઃશુલ્ક માર્ગદર્શન કેન્દ્ર કાર્યરત છે.જે દ્વારા પ્રવેશ,પરીક્ષા અને ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે.જ્ઞાતિ માટે ગૌરવની વાત છે કે આ વર્ષની ઈન્ટરવ્યુ પેનલમાં અત્રે કોચીંગ અને ટીચીંગના વ્યવસાથ સાથે સંકળાવેલા અનુભવી યુવા શ્રી ઓમ રાજેશભાઈ છાયા પેનલિસ્ટ તરીકે સામેલ હતા.

☆ મુંબઈગરા ગુજરાતીઓમાં નિષ્પક્ષતા,તટસ્થતા અને સત્યતા માટે વિશ્વાસપાત્ર નામ ધરાવતા 'મુંબઈ સમાચાર' દૈનિકે તાજેતરમાં ૨૦૦ વર્ષ પૂર્ણ કર્યા.આ દ્વિશતાબ્દિ ઉજવણી નિમિત્તે મુંબઈ ખાતે વડા પ્રધાનશ્રી,મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી, ગવર્નરશ્રી, સીને જગત,ટીવી સિરીયલોના જાણીતા કલાકારો, અન્ય અનેક ક્ષેત્રના મહાનુભાવો ઉપરાંત ૧૦ હજારથી વધુ પ્રેક્ષકોની ઉપસ્થિતિમાં શાનદાર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થઈ ગયું.આવા વિશિષ્ટ કાર્યક્રમમાં રાજકોટના જાણીતા હાસ્ય કલાકાર શ્રી મિલન ત્રિવેદીને હાસ્યરસનો કાર્યક્રમ આપવાની તક સાંપડી.તેઓએ પોતાની અનેરી મૌલિક શૈલીમાં હાસ્યરસ પીરસી સૌને હાસ્યથી તરબોળ કર્યા.નોંધ લઈએ કે મુંબઈ સમાચારમાં તેઓ લિખિત 'મસ્તરામ ની મસ્તી' નામક હળવી શૈલીની કટાર (કોલમ) છેલ્લા સાડા સાત વર્ષથી પ્રકાશિત થઈ રહી છે.

# શ્રી નાગર સોશ્યલ ગ્રુપ મેડીકલ એઇડ ટ્રસ્ટ જામનગરની ૨૮મી સામાન્ય સભા

તંત્રી દ્વારા આંખે દેખ્યો અહેવાલ...ઉપરોકત ટ્રસ્ટની ૨૮મી વાર્ષિક સાધારણ સભા તા.૧૨/૬/૨૨ના રોજ સાંજે ૬ વાગ્યે સંસ્થા પ્રમુખશ્રી ઉર્વશીબેન વૈશ્નવ તથા પૂર્વ ઉપપ્રમુખ શ્રી જ્યોતિન્દ્રભાઈ રીડાણીના પ્રમુખ સ્થાને હાટકેશ્વર મંદિરના પરિસરમાં તાજેતરમાંજ 'રીનોવેટ' થયેલા હોલમાં યોજાય ગઈ. અણધારી માંદગી સમયે લોન દ્વારા જ્ઞાતિજનોને આર્થિક રીતે મદદરૂપ થવા છેલ્લા ૨૮ વર્ષથી સુંદર રીતે કાર્ય કરતી સંસ્થાની આ સામાન્ય સભામાં આમંત્રિત તરીકે મને ઉપસ્થિત રહેવાની તક સાંપડી.પ્રત્યક્ષ હાજરી આપતાં સંસ્થાની કાર્યપધ્ધતિ, પારદર્શી વહીવટ, જ્ઞાતિજનો/ દાતાઓનો ટ્રસ્ટીઓ પરનો વિશ્વાસ વગેરે જોવા–જાણવા મળ્યાં.પ્રત્યક્ષ રીતે જ્ઞાતિજનો ને મળવાનો લાભ મળ્યો. યુવા વર્ગ માટે પ્રેરક નોંધપાત્ર બાબત એ રહી કે પદ પ્રતિષ્ઠાના મોહ વગર 'સેવા પરમો ધર્મ'ના નિષ્કામભાવથી આશરે ૬૦ વર્ષથી ૮૦ વર્ષના પ્રવિણભાઈ બુચ જેવા વડીલો ટ્રસ્ટમાં તથા આ આયોજનને સફળ બનાવવા સંન્નિષ્ઠ અને સ્વયંસ્ફૂર્ત પોતાની ફરજ નિભાવતા જોવા મળ્યા.

પ્રારંભમાં પ્રમુખશ્રી ઉર્વશીબેનના પ્રમુખ તરીકેના સંબોધનનું વાંચન શ્રી ભદ્રેશભાઈ માંકડે વાંચન કર્યું હતું. તેમજ ઉર્વશીબેને પણ ઉદ્બોધનમાં સૌના સાથની અને ટ્રસ્ટના પાયામાં રહેલા શ્રી પ્રવિણભાઈ બુચના સતત મળતાં માર્ગદર્શન અને જહેમતની નોંધ લઈ સૌના સાથ સહકાર બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.વિરેનભાઈએ તેમની કલમથી તૈયાર કરેલ પ્રાસંગિક સંબોધનમાં જ્ઞાતિના લાભાર્થે કાર્યરત ટ્રસ્ટની કામગીરીને બિરદાવી, કર્મનિષ્ઠ વડીલોની વિશુદ્ધ સેવાભાવનાને વંદન સહ વધાવેલ.જામનગરના બરછીના પ્રતિનિધિ ઓના નામોલ્લેખ સાથે તેઓની અનન્ય સેવાની નોંધ લઈને તેઓના તથા જ્ઞાતિજનો ના સહકાર બદલ તેમજ આ કાર્યક્રમમાં આમંત્રિત કરવા બદલ અહોભાવ સહ તમામ ટ્રસ્ટીગણ પ્રત્યે આભારનો ભાવ વ્યકત કર્યો હતો.કેતનભાઈ ધોળકિયાએ હિસાબો રજૂ કર્યા હતા. વચ્ચે વચ્ચે અનુદાનો નોંધાતા રહયાં.

નવા સત્રના ટ્રસ્ટીઓ તરીકે સર્વશ્રી કેતનભાઈ ધોળકિયા,ભદ્રેશભાઈ માંકડ,યોગેશભાઈ બુચ (એક સમયના બરછી પ્રતિનિધી) જયેશભાઈ પોટા તથા હર્ષાંગભાઈ ઢેબરની વરણીની જાહેરાત કરવામાં આવી હતી.બાદમાં દર વર્ષે એક ડોકટર દ્વારા સૌને ઉપયોગી થાય તેવા માર્ગદર્શક વકતવ્યની સ્તુત્ય પ્રથા મુજબ આ વર્ષે નવલોહીયા તબીબ ડો.રોહન પરીખે અકસ્માત દરમ્યાન દર્દીને કઈ કઈ રીતે જીવતદાન આપી શકાય તેની નિદર્શન સાથે સમજ આપી હતી.આ ઉપરાંત બીજા વકતા,મનમોહક વ્યકિતત્વ ધરાવતા પ્રતિભાશાળી યુવા કેન્સર નિષ્ણાત ડો.મોહક માંકડ(જ્ઞાતિના જાણીતા તબીબ ડો.ધવલભાઈ માંકડના પુત્ર)એ તેમના વકતવ્યમાં બહેનોને થતા બ્રેસ્ટ કેન્સર તથા અન્ય કેન્સરના કારણો,ચિન્હો,સાવચેતી,આધુનિક સારવાર પધ્ધતિઓ વગેરે ની સરળ શૈલીમાં સમજ– જાણકારી આપી હતી.જે બદલ સૌએ તાળીઓથી વધાવ્યા હતા.

ટ્રસ્ટના પૂર્વ પ્રમુખ અને હાલમાં ઘણી મુખ્ય જવાબદારી સંભાળી રહેલા (બરછીને સેવા આપી રહેલા) શ્રી પ્રવિણભાઈ બુચે તેમના પ્રત્યેના વિશ્વાસ બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.સમગ્ર કાર્યક્રમના સંચાલનની જવાબદારી શ્રી પરેશભાઈ રીડાણીએ નિભાવી હતી તો યોગેશભાઈ બુચે આભાર દર્શન કર્યું હતું.

અંતમાં ૨૦૦ જેટલા સભાસદો અને દાતાઓ રસ–પુરી,સમોસા સમેતના ભોજનને ન્યાય આપી છૂટા પડયા હતા.

## શ્રીકૃષ્ણ જીવન સંદેશ

શ્રીકૃષ્ણએ ભલે ભગવદ્ ગીતા દ્વારા જ્ઞાન,કર્મ,ભકિતને મર્મજ્ઞ રીતે પરંતુ સરળ ભાષામાં રજૂ કરી, આવનારી પેઢીને જ્ઞાનબોધ આપ્યો અને આજના ડાયનેમિક અને હાઈ ટેકનોલોજીના જમાનામાં પણ ગીતાના સિધ્ધાંતો પાયામાં રહેલ છે.પરંતુ શ્રીકૃષ્ણ મૂળભુત સંદેશ તેમના સમગ્ર જીવનમાંથી મળે છે. મહાત્મા ગાંધીએ કહયું તેમ 'મારૂં જીવન એજ મારો સંદેશ'.એમ શ્રીકૃષ્ણ માટે પણ સંઘર્ષમય જીવન એજ તેનો સંઘર્ષ છે.

તમે જુઓ,શ્રીકૃષ્ણના જન્મ પહેલાંજ તેને મારવાનું આયોજન થઈ ગયેલું.તેનો જન્મ જેલમાં, જન્મની સાથે જ જનનીથી દૂર લઈ જવાયા.જનનીનો ખોળો પણ ન જોયો અને પયપાન પણ ન કર્યું. પ્રથમ શયન કાળરાત્રિએ યમુનાની જળરાશિ વચ્ચે તેના પિતાએ માથે મૂકેલા વાંસના સુંડલામાં કર્યું.પહેલું પડખું પશુપાલનનલ વ્યવસાય કરતા ગોવાળીયા કોમના ઘરમાં પાલક માતા પાસે કર્યું.ઉછેર ગાય,ગોબર અને માટીમાં થયો.ત્યાં પણ હજુ કાળનો પડછાયો પાછળ જ હતો.કંસ દ્વારા ખબર પડતાં ઘેર ઘેર નવજન્મ પામેલા બાળકોની શોધ કરી મૃત્યુના મુખમાં હોમવા મારાઓ જુદા જુદા પ્રકારે વેશ ધારણ કરી કોપ વર્તાવ્યો, તેમાં શ્રીકૃષ્ણ મુખ્ય 'ટારગેટ' હતા.કિલ્લોલ કરતું બાળપણ સંઘર્ષમય હતું.ગોવાળીયા ગોઠીયા સાથે રમતા રમતા માત્ર ૧૧ વર્ષની કિશોર વયે મથુરા પ્રયાણ અને શુધ્ધ દૂધ અને માખણના ખોરાકથી શારીરિક શકિત અનેકગણી હોઈ કંસ અને તેના મહારથીઓને મારી પોતાના જન્મદાતા–માતા પિતાને મુક્ત કરાવ્યા.શિક્ષણ સામાન્ય રહયું.



યુવાનીમાં મથુરામાં હજી જુદાજુદા રાજ્યોમાં વસતા પરાક્રમી રાજાઓનો સંઘર્ષ ચાલુ હતો.તેથી દૂર સમુદ્ર કિનારે યાદવોની નાની વસાહતમાં દ્વારિકા જઈ સ્થિર થયા.લગ્નજીવન પણ ધામધુમ વગર, અપહરણ કરીને કે રાજાઓના કેદખાનામાંથી છોડાવેલ કન્યાઓને આશ્રય આપવા માટે સ્વીકારેલ. દ્વારિકા નરેશના સ્થાને હોવા છતાં કૌરવ–પાંડવના સંઘર્ષમાં વિષ્ટીકારથી લઈને ત્યાં મહાન યોધ્ધા હોવા છતાં માત્ર પલકારામાં કૌરવોને પરાજીત કરવા સમર્થ હોવા છતાં,હથિયાર ધારણ કરવાને બદલે સારથિ બન્યા.

મહાવિનાશ પછી પુનઃસ્થાપિત કરવા દ્વારિકામાં પદાર્પણ કર્યું,ત્યાં પણ યાદવોની અંદરોઅંદરની કુટિલતાથી કંટાળી, મહાભારત પછી યાદવાસ્થળીની પરિસ્થિતિથી વ્યથિત થઈ,એકાંતવાસ કરવા પ્રભાસ પાટણના પ્રદેશમાં ગયા અને ત્યાં પણ કોઈ સગા–સંબંધી,મિત્રો કે જેને તેમણે મહા વિપત્તીઓમાંથી પાર ઉતાર્યા,પોતાના સંવેદિત જીવનમાં સદા હૃદયસ્થ રહેલા ગોપ–ગોપિકા અને રાધા જેવી પ્રેમાળ, દ્રૌપદી જેવી સખી કે પત્ની,પુત્ર વગેરેથી દૂર એકાંતમાં એક શિકારીના તીરથી વિંધાયને જીવનનો અંત આણ્યો.બે કુળ કૌરવકુળ અને યાદવકુળના મહા વિનાશના સાક્ષી રહયા.

હવે વિચાર કરો કે આટલું સંઘર્ષમય જીવન જીવ્યા છતાં,ક્યારેય શ્રીકૃષ્ણએ પોતાના નસીબને દોષિત ઠરાવ્યું છે? ક્યારેય ઈશ્વરને ફરિયાદ કરી છે? પોતાની કુંડળી કે ગ્રહદશા બાબતે કર્મકાંડનો વિચાર કર્યો છે? કોઈ બાધા,આખડી,ઉપવાસ કે જપતપનો આધાર લીધો છે?

કદી નહિ,કારણ જેણે ગીતા જેવો મહાન સંદેશ આપ્યો હોય તે કર્મની બાબતમાં કોઈને દોષી કેવી રીતે કહી શકે? જન્મ અને મૃત્યુ એક નિશ્ચિત કર્મ રેખા આલેખેલી હોય તેને ફેરફાર કરવા ખુદ ઈશ્વર પણ સમર્થ નથી,એ પૂરવાર કરતું શ્રીકૃષ્ણનું ખુદનું જીવન જ એક સંદેશ નથી? તો શા માટે આપણે કર્મકાંડ, ગ્રહદશા,કુંડળી,ઉપવાસ,જપતપ,બાધા આખડીના ટેકાથી આ કર્મરેખા સાથે ચેડા કરવાં? કાલ્પનિક ભય થી શા માટે વિચલિત થવું?

સમર્થને પણ ન છોડે એવી કર્મરેખા નિશ્ચિત છે.માટે નરસિંહની ઊક્તિ મુજબ જીવન જીવવું કે "જેહના ભાગ્યમાં જે સમયે જે લખ્યું,તેને તે સમે તે જ મળતું."

શ્રીકૃષ્ણએ વર્ષો પછી પોતાના પરમ ભક્ત નરસિંહ દ્વારા આપેલ આ સંદેશ શું ગીતાનો સાર નથી?

—મનહરભાઈ જે.વૈશ્નવ—મો.૯૮૨૫૨૮૦૧૪૭

---

## પરીક્ષાના પરિણામ :

**ધોરણ—૧૦ એસ.એસ.સી.**

| | | |
|---|---|---|
| સુહાની કેયુરભાઈ રીડાણી | ૯૫% | જામનગર |
| ગણિતમાં ૧૦૦/૧૦૦ માર્ક | | |
| વૈશ્વી કેતન ધોળકિયા | ૯૫% | જામનગર |
| ધ્વિદીત કેતન ધોળકિયા | ७७% | જામનગર |
| કુશ હાર્દિક બક્ષી | ૮૨% | જામનગર |
| માહિર હાર્દિક બુચ | ૯૦% | જામનગર |
| ધ્રૂમિલ હિતેષ ધોળકિયા | ૬૬% | અમદાવાદ |
| વ્યાપ્તિ ઉન્મેષ બુચ | ૯૮ PR | અમદાવાદ |
| પ્રયાગ હેમંત બુચ | ૯૩% | રાજકોટ |
| યશ્વી અમિત માંકડ | ૯૮ PR | રાજકોટ |
| મૌલિક વિશ્વેશ ધોળકિયા | ૮૪ PR | રાજકોટ |
| રાધિકા કૌટિલ્ય છાયા | ૯૯ PR | રાજકોટ |

**ધોરણ—૧૨ એચ.એસ.સી.**

| | | |
|---|---|---|
| હેત નીરેન વછરાજાની | ૮૮% | રાજકોટ |
| તર્જ ચિરાગ બક્ષી | ૮૮% | રાજકોટ |
| સહજ પ્રશાંત વસાવડા | ૯૯.૫PR | રાજકોટ |
| હેલી ચિરંતન ઓઝા | | ભાવનગર |
| ઉર્મિત અમીત નાણાવટી | ૯૯ PR | ભાવનગર |
| મૌલ્ય સૌમિલ હાથી | ૯૮ PR | જામનગર |
| પર્વ હિરેન વસાવડા | ૮૪% | જામનગર |
| મહીમ્ન કંદર્પ ધોળકિયા | ૫૯% | જામનગર |
| રમ્ય ભવદીપ ઓઝા | ૮૦% | જૂનાગઢ |
| ઉદિત તરલ ઓઝા | ૯૬ PR | અમદાવાદ |

**બી.એસ.ડબલ્યુ**

| | | |
|---|---|---|
| જપન યજ્ઞેશ માંકડ | ७૫% | રાજકોટ |

**બીબીએ.(ફાઈનાન્સ)**

| | | |
|---|---|---|
| હિમજા મૌલેશ માંકડ | ૯૪% | રાજકોટ |

**બી.કોમ.**

| | | |
|---|---|---|
| મૌલિ વિશ્વેશ વૈષ્ણવ | ડીસ્ટીંગ્શન | રાજકોટ |

## પરિવર્તન યોગ

–કોષા મંકોડી,ભુજ–મો.૯૮૨૫૧૫૮૮૨૨

વર્તમાન સમયમાં જીવનના દરેક સ્તરે મોટા પાયે ફેરફાર થઈ રહયા છે,જેની ઝડપ લોકોની વ્યકિતગત રોજિંદી જીવનશૈલીમાં મોટી ઉથલપાથલ મચાવી દે છે.એક સમયે જે લકઝરી ગણાતી અને દરેક વસ્તુ અને સગવડો આજકાલ જરૂરિયાત બની ગઈ છે. જનમાનસમાંથી ગમશે,ચાલશે,ફાવશે જેવા શબ્દો ક્યારનાય શબ્દકોષની બહાર નીકળી ગયા છે.આમ જ જોઈએ ને તેના વગર ચાલશે નહિ જેવા હઠાગ્રહો હવે દૂરાગ્રહ બની ગયા છે.કારણ..?સ્ટેટસ યુ નો...

અમે ટ્રેડિશનમાં માનતા નથી એવું બોલવું આજકાલમાં ટ્રેન્ડ બની ગયો છે.સરવાળે મોટા ભાગના લોકો મુઠ્ઠીભર માણસોએ પોતાની ઈચ્છા કે બુદ્ધિ મુજબ કરેલા ફેરફારને અપનાવી આધુનિક બન્યાના મિથ્યાભિમાનથી ફુલાતા રહે છે...ને પછી ફુગ્ગાની જેમ ફૂટી જાય છે.ટ્રેડિશન છોડી ટ્રેન્ડને ફોલો કરે છે. પોતાની સમજણના આધારે કંઈક નવું કરવાની હિંમત અને આવડત બધામાં નથી હોતી. ત્યાં અસ્વીકારનો ભય સામે દેખાય છે.અને ફોલો ન કરે તો પછાતપણું અનુભવાય છે.કેવું દયાજનક?

બીજામાંથી શીખવું તે બહુ જ સારી વાત છે.પણ બીજાનું અંધાનુકરણ કરવું એ તો ખરેખર નુકશાનકારક છે.કોઈ ઉમદા વ્યક્તિ કે કાર્યથી પ્રેરિત થવું એ સારી વાત છે.પણ કોઈની પાછળ ચાલતા રહેવું એ દરેક વખતે યોગ્ય નથી.બધા લોકો કરતા હોય તે આપણે કરવું એમ માનનારા ઘણા બધા છે.બુદ્ધિ તાર્કિક વધુ અને વિવેકશીલ ઓછી છે.કંઈપણ બાબત સ્વયંના હિતમાં છે કે નહિ એ સમજવું તે વિવેકબુદ્ધિ અને દેખાદેખીથી વટ ખાતર કે અહમને પોષવા નુકશાન વેઠીને પણ મન ફાવે તેનું (અને પોતાને ગમતું હોય તેવું)અંધાનુકરણ કરવું અને વળી વાહિયાત દલીલો કરી એને વ્યાજબી ઠરાવવું એ તર્ક બુદ્ધિ છે...ગાડરિયા પ્રવાહથી વિશેષ કંઈ જ નથી.અને પરિણામે નુકશાન થાય ત્યારે કાચી સેકન્ડમાં હતાશાનો હુમલો આવે છે.આસપાસ નજર કરીને જોઈએ તો ડિપ્રેશનના નિદાન થયા વિનાના ઘણા દર્દીઓ જોવા મળી જશે.

આપણે શ્રેય અને પ્રેયનો નિયમ સમજવાની બહુ જરૂર છે.જે તર્ક બુદ્ધિથી નહિ,વિવેક બુદ્ધિથી સમજી શકાય.શ્રેય અંધારૂં હોય,કદાચ અણગમતું પણ. છતાં પરિણામ લાભકારક હોય તે.જેમ કે મહેનત, ચિકીત્સા,અભ્યાસ વગેરે.પ્રેય–બહુ જ ગમતું હોય,સરળ હોય..છતાં પરિણામ વિનાશકારક હોય તે. જેમકે આળસ,કુપથ્ય સેવન,સમય વેડફવો વગેરે..વગેરે.આ ભૂલો આગળ જતાં શારિરીક,માનસિક રોગોને જન્મ આપવામાં બહુ જ મહત્વની ભૂમિકા ભજવે છે અને દુઃખ દે છે.

બીજો મુદ્દો યોગ્યતાનો છે.બધાને બધું જ જોઈએ છે.નોકરી,છોકરી(કે છોકરો)વગેરે..વગેરે.પણ પોતાની યોગ્યતા પ્રમાણે નહિ,પસંદગી પ્રમાણે.અને જો ન મળે તો હતાશા ઉશ્કેરાટમાં ન કરવાનું કરી બેસે છે.અહી જો વિવેકબુદ્ધિ જાગ્રત હોય તો જ વ્યકિત પોતાની યોગ્ય–અયોગ્યતા પર વિચારી શકે છે. નહીં તો ડિપ્રેશન,ફ્રસ્ટ્રેશનના નામે રોગની સાથે ગુનાઈત પ્રવૃત્તિ તરફ વળે છે.પરિણામે સામાજીક સ્વાસ્થ્ય પણ જોખમમાં આવી જાય છે.માય લાઈફ માય રૂલ્સની હવામાં જીવનારો પણ એક વર્ગ છે.સમાજમાં સ્વતંત્રતા

અને સ્વચ્છંદતા વચ્ચેનો ફરક સમજ્યા વગર દોઢાઓ આવા ડાયલોગ બોલીને 'પોતે કંઈક છે' ની આત્મવંચનામાં અડધું જીવન બરબાદ કરી નાખે છે અને જ્યારે સત્ય સમજાય ત્યારે ઘણુ મોડું થઈ ગયું હોય છે.અને પછી પોતાની બરબાદી માટે પોતાના સિવાય બીજા બધા લોકોને(ઈશ્વર સહિત)દોષિત ગણાવે છે.પોતાની ભૂલ સ્વીકારી સુધરવાની તૈયારી નથી હોતી.આ બધું ક્યાં સુધી અને શા માટે? પોતાની જાતમાં,જીવનમાં પરિવર્તન કરવાનો સમય પાકી ગયો છે..કેવી રીતે?

યોગના માધ્યમથી આપણે આપણામાં જરૂરી ફેરફાર લાવી શકીએ છીએ.જરૂર છે યોગને ખરા અર્થમાં સમજવાની અને એનો અભ્યાસ કરી એનાથી લાભાન્વિત થવાની.યોગ એટલે શું? કેવળ આસનો અને પ્રાણાયામ નહીં.પણ આઠેય અંગોનો અભ્યાસ.યમ,નિયમ,આસન,પ્રાણાયામ,પ્રત્યાહાર,ધારણા, ધ્યાન,સમાધિ..આ આઠ અંગ છે.સાચી સમજણ અને યોગ્ય યોગ શિક્ષકના માર્ગદર્શન હેઠળ આઠેય અંગોનો સતત અભ્યાસ કરવામાં આવે તો શરીર સ્વસ્થ અને મન નિર્મળ બને છે.જીવનના દરેક પડાવે અને દરેક ક્ષેત્રમાં એક સંતુલન સધાય છે.આ સંતુલન એ જ વ્યવહાર જીવનમાં યોગની ફલશ્રુતિ છે. પરિણામ સ્વરૂપે વૈયક્તિક,સામાજિક સ્વસ્થતામાં સકારાત્મક પરિવર્તન આવે છે.તથા આધ્યાત્મિકતા માટેનું દ્વાર ખૂલે છે.યોગના અભ્યાસ દ્વારા વૈશ્વિક સ્તરે સ્વાસ્થ્યની સુધારણા થઈ શકે તેમ છે.રોગપ્રતિકારક ક્ષમતા વધી શકે તેમ છે.

આવો,પરિવર્તન માટે તૈયાર થઈએ,સ્વયંને શ્રેષ્ઠ બનાવવા આજથી જ પ્રયત્ન કરીએ અને સતત અભ્યાસ કરીને શ્રેષ્ઠ જીવન જીવી જાણીએ.સ્વસ્થ રહો..મસ્ત રહોની શુભેચ્છા.

---

## સુવિચાર...

- જિંદગી બહુ ટૂંકી છે મજા કરતાં શીખો
- નસીબ શું ચીજ છે તે બદલતાં શીખો
- શ્રેષ્ઠતા જન્મથી નહિ પણ પોતાના કર્મો કળા અને સદ્ગુણોથી પ્રાપ્ત થાય છે.
- સાગર વિશાળ છે પણ આપણને એટલું જ પાણી મળે છે જેટલી આપણી હથેળી છે.
- કુદરત સર્વવ્યાપક છે તેની કૃપા અગણિત છે પણ કૃપા એટલી જ મળશે જેટલી આપણી શ્રધ્ધા હશે.
- પોતાની જીભની તાકાત માતા પિતા ઉપર ન અજમાવશો,કારણ એમણે જ આપણને બોલતાં શીખવ્યું છે.
- મનુષ્યમાં શક્તિની ખામી નથી હોતી સંકલ્પની ખામી હોય છે.
- દોસ્તી બહુ મુશ્કેલીથી થાય છે,દુશ્મનીમાં સમય નથી લાગતો.
- કોઈના જન્મ વખતે નોર્મલ ડીલીવરી થઈ કે સિઝેરીયન,બાળકનું વજન,રાશિ અને મા બાળકની તબિયત વગેરે પૂછાય છે જ્યારે મૃત્યુમાં પૂછપરછ વધારે થાય છે.
- આખો માણસ કમાય છે પણ તે કમાણી ખર્ચવામાં બિલકુલ સમય નથી લાગતો.

–ડો.રાજેન્દ્ર હાથી,વડોદરા.મો.૯૮૨૪૪૮૯૫૧૭

## બે સરખા શબ્દોના સૂત્રો

આપણી ભાષામાં કેટલાક એવા બે સરખા શબ્દો છે જેનો અલગ અલગ સંદર્ભ મુજબ અલગ અલગ અર્થ થાય છે. અહીં એવા શબ્દો પ્રયોજવામાં આવ્યા છે, જે સુવાકયોના રૂપમાં છે... જેમ કે–


(૧) માણસ કદાચ ઈશ્વરના ભાવનો ભુખ્યો ન હોય, પરંતુ વ્યાપારમાં ભાવનો ભુખ્યો હોય છે.

(૨) જેમણે જ્ઞાનનું અમૃત પીધું છે એ કાયમ અ–મૃત છે.

(૩) જેનો વીર, વીર હોય તેને નમસ્કાર.

(૪) હરદિન દીનનું કલ્યાણ કરવાથી હર પ્રસન્ન થાય છે.

(૫) દિલ ઉપર કરવામાં આવેલ વારને રૂઝાતાં બહુ જ વાર લાગે છે, કદાચ કદી પણ ન રૂઝાય.




(૬) વેદના મંત્રો જીવનમાં ઉતારીએ તો, કદી વેદના ન થાય.

(૭) જિંદગીનો અર્થ માત્ર અર્થ પ્રાપ્ત કરવા પૂરતો નથી.

(૮) કોઈનો જીવ બચાવવા, જીવ થાય એ પ્રભુ ભકિત.

(૯) કોઈ એક જ સમય નહિ, હર સમય હરની ભકિત માટે છે.

(૧૦) આપણી વિકટ પરિસ્થિતિને હસીને સ્વીકારીએ પરંતુ તેને હસી કઢાય નહિં.

(૧૧) પ્રભુ આપણો આધાર કેટલો બનશે તેનો આધાર આપણી ભકિત ઉપર છે.

(૧૨) ધરા ઉપર વરસતો વરસાદ આપણી અનેક બાબતોની ધરા છે.

(૧૩) ધરતી કરોડો વર્ષોથી અનેક મૂલ્યવાન ચીજો ધરતી આવી છે.

(૧૪) પરસેવાના ટીપે જે જિંદગીને ટીપે તેને સફળતા પ્રાપ્ત થાય છે.

(૧૫) ભાગ્ય ખૂલવાની રાહ જોશો તો, કોઈ રાહ નહીં ખૂલે.

(૧૬) જે બાબતોમાં આપણો જીવ થાય ત્યાં આપણો જીવ ચોંટી જશે.

—જસમીન દેસાઈ, રાજકોટ. મો. ૯૪૨૮૩૪૯૮૧૨

---

## લગ્ન વિષયક જાહેરાત

(૧) જ. ૧/૧૯૯૨, ઉ. ૫'. ૧૧" એમ.કોમ., ઈન્ટર સીએ., પીજીડીબીએ., ઓસ્ટ્રેલીયન એકાઉન્ટીગ અને ટેક્ષેસનનો આઉટસોર્સીંગનો વ્યવસાય કરતા રાજકોટ સ્થિત યુવકને કન્યા. સંપર્ક : ૯૯૦૪૦૬૨૯૨૯

(૨) જ. ૧/૧૯૯૪, ઉ. ૫'. ૨", બી.કોમ., માસ્ટર ઓફ જર્નાલીઝમ, ૫ વર્ષથી ઈલેકટ્રોનિકસ મીડિયામાં કાર્યરત યુવકને કન્યા. સંપર્ક : ૯૭૨૩૪૯૨૩૫૦/૭૫

(૩) જ. ૫/૧૯૯૭, બી.કોમ., એમબીએ., ઉ. ૫', માંગલિક કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : ૮૪૦૧૩૩૬૬૫૧


# સંસ્કારિતાનો અવિરત અખંડ પ્રવાહ : જગત જનની મા

માતાનો ખોળો એ વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિ બરાબર છે.ભૂમિ પૂજન બરાબર છે.જ્યારે પ્રકૃતિનો ખોળો એ પ્રકૃતિનો ખોળો એ સૌંદર્યનો શિલાલેખ છે પરંતુ આજે આપણે માતાનો પરમ પવિત્ર ખોળો પણ આપણાથી છૂટતો જાય છે.આપણા ઉચ્ચ સંસ્કારી સમાજમાં આપણા શિક્ષિત યુવાનો પોતાની જન્મદાતા માને વૃધ્ધાશ્રમ ધકેલી રહયા છે.કે જેણે કર્મદાતા તરીકે પણ કાર્ય કરેલું છે તેને ભૂલવા લાગ્યો છે. દેહથી દરેક માતા ભલે જુદી હોય પરંતુ દિલથી પ્રત્યેકની મા એક જ હોય છે.તેથી જ કહેવાયું છે કે મા તે મા બીજા બધા વનવગડાના વા.

આચાર્ય વિનોબાજી કહે છે કે,જગતમાં બધું જ મરજી મુજબ પસંદ કરી શકાય છે.ફકત મા—માતા પસંદ કરી શકાતી નથી.જનેતા સ્વધર્મ સમાન છે.માતા નિરાશામાં આશા છે.જીવનના પ્રત્યેક દુઃખમાં હરક્ષણે આશ્વાસન રૂપ છે.દુર્બળતામાં શકિત સ્વરૂપ છે.નિરાધારમાં આધાર છે.જનની તો સર્વોત્તમ તીર્થધામ છે.મા ઘરમાં હોય તો પછી તીર્થધામની યાત્રા કરવાની જરૂર જ નથી અને તેથી લખાયું છે કે ઘરમાં કાશી,ઘરમાં મથુરા,ઘરમાં જ ગોકુળીયુંધામ રે,મારે નથી જવું તીરથધામ રે!

દેવોએ દીધેલું અમૃત દુનિયાએ કયાં પીધું?માતાએ મમતારૂપી દીધેલું અમૃત સૌએ ચાખી લીધું.માની લાક્ષણિકતા તો જુઓ?પરાયાને પોતાના કરવાની આદત એટલે જ માતા.અતિથિ સત્કાર માટે જેના હૃદયદ્વાર(ગૃહ દ્વાર)નિત્ય ઉઘાડા જ હોય તે માતા જ હોય.

સાક્ષર સ્વ.ઉમાશંકર જોશી હંમેશ કહેતા કે શીતળતા પામવાને હે માનવી તું બહાર દોટ કાં મૂકે છે? જે શીતળતા માની ગોદમાં છે તે હિમાલયમાં પણ નથી.તેથી જ તેઓ કહેતા કે માતા એટલે જ સાતા.માતા એ શબ્દ નથી પરંતુ તે તો શબ્દતીર્થ છે..તીર્થોત્તમ છે.તેથી જ જનનીનું ઋણ સંતાનો ઉપર અનેક રીતે હોય છે.ઉમાશંકર સ્પષ્ટપણે કહેતા કે જગતની માતાઓનું ઋણ ચૂકવવાનો હવાલો સ્વયં ભગવાન લઈ લે તો ખુદ ભગવાનનું પણ દેવાળું જ નીકળી જાય.મહર્ષિ વ્યાસજીએ પણ મહાભારતના શાંતિ પર્વમાં લખ્યું છે કે માતાજીનો વિયોગ થાય ત્યારે માણસને પોતાની ઉમર વધી ગયાનું ભાન થાય છે.કવિ દુલાકાગ કહેતા કે હું જ્યારે મુખથી બોલું 'મા' ત્યારે જ સાચે મને બચપણ સાંભરે અને પછી મોટપણની મજા બધી જ કડવી લાગે કાગડા.જે જતન કરે તે જનેતા. તેથી ખરેખર જનેતા અજોડ છે.માતાના પ્રેમના લેખાજોખા કદી થઈ જ ન શકે.સ્વ.બોટાદકરે પણ કહયું છે કે માતૃવાત્સલ્યની આ મીઠી વીરડી સંજોગોના સખત તાપમાંયે સુકાતી નથી. તેથી જ...વરસે ઘડીક વાદળી વ્યોમ વાદળી રે લોલ.માડીનો મેઘ બારે માસ રે.આમ માતાના સબંધનો કોઈ આરંભ કે અંત હોતો નથી.એમ કહેવાય છે કે ગોળ વિના મોળો કંસાર મા વિના સુનો સંસાર.લોચાપોચા માડીના,મોટા થાય



એટલે લાડીના.માડી જવે આવતો,લાડી જુવે લાવતો.પહેલાં મા યાદ આવતી ને આંખમાં આંસુ આવતાં અને હવે આંસુ આવે છે ને મા યાદ આવે છે.

ગુણસાગરી જનેતાની ઓળખ : ૧.માને ઓળખનાર જ મહાત્માને ઓળખી શકે છે.૨.જનેતાને ઓળખનાર જ પરમાત્માને ઓળખી શકે છે.૩.પરમાત્મા ને મહાત્મા પણ એજ બની શકે જે માને ખરા અર્થમાં ઓળખે.૪.મા એટલે રણમાં મળતું પાણી.૫.મા એટલે અનુભવેલી વાણી.૬.મા એટલે વ્હાલ ભરેલો વિરડો.૭. મા એટલે મંદિરકેરો દિવડો.૮.મા એટલે ખાનદાની,પ્રમાણિકતા અને લાગણીનું પરબ.૯.મા એટલે થાકેલાનો વિસામો.૧૦.કહેવત છે કે મા માયો અને બાપ ખાટલાનો પાયો.૧૧.ઉપર જીસકા અંત નહિ ઉસે આસમાન કહેતે હૈ,ઔર જહાં મે જીસકા અંત નહિ ઉસે મા કહેતે હૈ.

અને તેથી જ ખલીલ જીબ્રાને સાચું જ કહયું છે કે જો કોઈ અતિશય સુંદર શબ્દ મનુષ્યની સૃષ્ટિમાં હોય તો તે મા છે.અંતમાં કવિએ લખ્યું છે કે,ઉતરી ગયા છે ફૂલના ચહેરા વસંતમાં કારણ તારા જ રૂપરંગ વિશે બધી જ વાત થતી હતી કે ખુરશી,પલંગ,મેજ,કલમ,ચાંદ,ચાંદની,સઘળું મન ઉદાસ લાગે છે,મને તારી ગેરહાજરીમાં અને પાછલી ઉંમરમાં અચાનક ફરીથી હે મા તું મને યાદ આવી ત્યારે બધા જ દર્દોની દવા યાદ આવી.

જગતજનની–મા–માટે લખાયેલી થોડી પંકતીઓ અત્રે રજૂ કરીએ તો લુપ્ત થતી ઉચ્ચ સંસ્કૃતિ ફરી ઉજાગર થાય પણ ખરી...

જગતની સર્વ સુખોથી ભલે જીવન મને સભર લાગે, ખજાનો સાવ ખાલી મા મને તારા વગર લાગે.
નથી એ હાથ હૂંફાળો,નથી એ મેશનું ટીલું, મને એથી જ હર ડગલે હવે દુનિયાનો ડર લાગે.
છે મારા નામ પર આજે રૂપાળાં કંઈક છોગાંઓ, ન બેટા કોઈ કહેનારૂં મને વસમી કસર લાગે.
જીવનના સર્વે સંઘર્ષોમાં સાંગોપાંગ નીકળતો, મા મને તારી દુઆઓની એ નક્કી અસર લાગે.
હજુ મારી પીડા સાથે નિભાવ્યો(મા)તે અજબ નાતો, હજુ બોલી ઊઠું છું હું ઓઇ મા ઠોકર લાગે.
સદા અણનમ રહેતું મારૂં આ મસ્તક ઝૂકે છે તારા ચરણોમાં, મને ત્યારે હિમાલયથીયે ઉન્નત મારૂં મસ્તક લાગે.

– રઘુવીર ખારોડ,અમદાવાદ.

---

## અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન :

ગં.સ્વ.મંદાકિનીબેન અરવિંદરાય ઘોડા–૮૮ વર્ષ–વડોદરા.બિપીનભાઈ હિંમતલાલ બુચ –૯૨ વર્ષ, હેમંતભાઈ અજીતરાય વૈશ્નવ–મુંબઈ.કમલભાઈ ડોલરરાય વૈશ્નવ– વેરાવળ, સુધાકરભાઈ અરૂણરાય કિકાણી–જૂનાગઢ,જ્યોતિબેન નરેશભાઈ પાઠક–૭૨ વર્ષ, હરેશભાઈ નૌતમલાલ બુચ–ભુજ, જયપ્રકાશભાઈ જયસુખભાઈ વૈદ્ય–૬૩ વર્ષ,હરેશભાઈ નીલકંઠરાય દેસાઈ–વડોદરા, સર્વોપમાબેન નવરંગરાય છાયા–અમદાવાદ

## રાજકોટ ખાતે વેંચવાના છે...

રાજકોટ ખાતે સુભાષનગર મેઈન રોડ ઉપર ૬૩૦ ચો.ફૂટ કાર્પેટ એરિયા, બે બેડરૂમ, હોલ, કીચન ફુલ્લી ફર્નિષ્ડ, બીજો માળ, લિફ્ટ સાથેનો ફલેટ.

સંપર્ક : ભવજીતભાઈ બક્ષી, ૯૪૨૭૨૪૨૫૩૯

રાજકોટ ખાતે યુનિ.રોડ ઉપર પ્રશીલ પાર્કમાં બે રૂમ,રસોડું,આગળ પાછળ ૧૦',ખુલ્લી જગ્યા, સોલાર પેનલ સાથેનું સુવિધાસભર રીનોવેટેડ મકાન. સંપર્ક : જીતેન્દ્ર માંકડ – ૯૪૨૬૭ ૮૫૫૩૫

## રાજકોટ ખાતે વેંચવાનો છે...

સીક્સ લેન કાલાવડ રોડ ટચ, લિફ્ટ,વિશાળ પાર્કિંગ અને આધુનિક ઉપકરણો સાથેનો બંગલો વેંચવાનો છે...

૨૦૧૫નું ૩૫૦૦ ચો.ફૂટનું બાંધકામ

પૂર્વ–પશ્ચિમનો ૯ મીટરનો રોડ,

પ્લોટ એરિયા ૧૩૭ ચો.વાર

રૂડાનગર–૧,બંગલો નં.૨૭

**Whatsapp Message Only-**

**Will Call Back**

**+9198253 18099**

શું તમે...?

–મકાનનું રીનોવેશન કરાવવા માંગો છો ?



–વોટરપ્રુફીગ કરાવવું છે? કે...

–મકાન કે ઓફીસમાં કલરકામ કરાવવા ઈચ્છો છો?....તો–

આકર્ષક અને ટકાઉ કામની અમારી ગેરંટી અને બજારભાવ કરતાં વ્યાજબી ભાવની કાયમી ખાત્રી રાખી બધું જ અમારા ઉપર છોડો...

ફોન કરો : જયેશ વસાવડા

નિર્મળ કલર (અમેરીકન કલર)

મો. ૮૯૮૧૭૦૮૧૩/૯૦૬૭૪૯૩૧૧૭


Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

UPI ID: 9428700105@paytm
Paytm: 9428700105

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.


નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર

**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**

ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. ફોન : ૨૭૬૭–૨૨૧૯૩૫


BOOK POST


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા

મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ,રાજકોટ.